(૨૮)

પ્રતિ શ્રી

| | |
|---|---|
| PGVCL | **ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ**<br>પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ<br>પાવર હાઉસ કમ્પાઉન્ડ જી કે જનરલ હોસ્પિટલ સામે ભુજ<br>ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮<br>E-Mail- forumbhuj.pgvcl@gebmail.com |
| નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૪/ 53 | તારીખ: ૨૨/૦૫/૨૦૨૫ |

રજી.એ.ડી. દ્વારા

પ્રતિ શ્રી

ડાયાભાઇ હરજી મારવાડા

મુ.પો. દેવીસર

બસ સ્ટેશનની બાજુમાં

તાલુકો- નખત્રાણા

મોબાઇલ નંબર-૯૮૭૯૧૭૫૮૬૧

વિષય:- એકી સાથે આવેલ બીલ રદ કરવા બાબત

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી/04/00૯/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઇજનેરશ્રી,
પીજીવીસીએલ,
વિભાગીય કચેરી,
નખત્રાણા
પાવર હાઉસ કમ્પાઉન્ડ કોર્ટ ની સામે
નખત્રાણા -કચ્છ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો, જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોકલી આપવા વિનતી

નિવારણ ફોરમ • ભુજ

ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.
પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com.
કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

૨૦03ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG004-009-2023-24

ડાયાભાઈ હરજીભાઈ મારવાડા
ગામ: દેવીસર ,તા નખત્રાણા -કચ્છ................અરજદાર.

વિરુધ્ધ

**શ્રી કાર્યપાલકઈજનેર શ્રી,**
પીજીવીસીએલ વિભાગીય કચેરી, *નખત્રાણા* -કચ્છ............**સામાવાળા.**

બાબત:- વીજ-બીલ ની રકમ રદ કરવા અંગે...

અરજદારતરફે:- ડાયાભાઈ હરજીભાઈ મારવાડા

સામેવાળાનાતરફે:-
**શ્રી એચ.પી. રાઠોડ કાર્યપાલક ઈજનેરશ્રી** *નખત્રાણા* **વિભાગીય કચેરી**

કોરમ:
(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર

સુનાવણીસ્થળ:-પીજીવીસીએલ વર્તુળકચેરી, ભુજ
તા.: 03/0૪/૨૦૨૪

# ઠરાવ

૧. અરજદારશ્રી ની રજૂઆત એવી છે કે તેઓ ગામ દેવીસર મધ્યે બસ સ્ટેશનની બાજુમાં ગ્રાહક નંબર ૮૬૧૧૨/૧૦૧૪૮/૩ થી રહેણાંકનું પીજીવીસીએલ ની નખત્રાણા પેટા વિભાગીય કચેરીનું વીજ કનેક્શન ધરાવે છે.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર નખત્રાણા પેટા વિભાગીય કચેરી દ્વારા તેઓને માસ એપ્રિલ-મે-૨૩ માં એક સાથે ૨૩૫૬૧ યુનિટનું બીલ આપવામાં આવેલ છે.

૩. અરજદારશ્રીને આપવામાં આવેલ એક સાથે એપ્રિલ-મે-૨૩માં ૨૩૫૬૧ યુનિટનું બીલ બાબતે વાંધો છે, જે માટે યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

<u>બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે</u>

૪. પીજીવીસીએલ ની નખત્રાણા પેટા વિભાગીય કચેરીના હેઠળના ગામ દેવીસર મધ્યે બસ સ્ટેશન પાસેના રહેણાંક વિસ્તારમાં શ્રી ડાયાભાઈ હરજીભાઈ મારવાડા નું નોન બીલીંગ કનેક્શન નાયબ ઈજનેરના ધ્યાને આવતા તેઓએ કંપનીના હિતમાં સદર કનેક્શન તાત્કાલિક રીલીઝ કરીને પ્રથમ બીલ તેમને તા.૩૦/૦૫/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ.

૫. શ્રી ડાયાભાઈ હરજીભાઈ મારવાડાને ત્યાં લાગેલ મીટર પરના લેબ નંબર ચકાસતા તે વીજ મીટર ૨૦૧૨ ની સાલમાં લાગેલુ જણાયું, સદર બાબતે ગ્રાહકની મુલાકાત દરમ્યાન તેઓના જણાવ્યા મુજબ જે તે વખતે તેમને બીપીએલ સ્કીમમાં મીટર લાગેલ છે.

૬. ઉપરોક્ત માહિતી અન્વયે ગ્રાહકને ૨૦૧૨ થી બીલ ઇસ્યુ કર્યા એપ્રિલ-૨૦૨૩ સુધી ૬૯ ભાગલા પાડીને રૂ.૭૧૩૯૧.૫૫ તાત્કાલીક જમા આપેલ તેમજ ગણતરી ફરીથી ચકાસતા રૂ.૪૦૮૨.૬૬ જમા આપવના થતા હોઈ તે બાબતે નાયબ ઈજનેર નખત્રાણાને સુચના આપેલ છે.

૭. સદર વીજજોડાણ પેટે દર માસે રૂ.૧૦,૦૦૦/-ના હપ્તા કરી આપેલ જે પૈકી ગ્રાહક દ્વારા રૂ.૧૨૫૦૦/-જ જમા કરાવેલ હતા.અને અન્ય રકમ ભરવા માટે અસમર્થતા બતાવેલ જેથી તા.૩૦/૧૨/૨૦૨૩ ના રોજ એકમાસની નોટીસ આપી તેમજ તા.૩૦/૦૧/૨૦૨૪ના ૩ દિવસની બીજી વધારાની નોટીસ આપવા છતાં રકમ ભરપાઈ ન થતા તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ કનેક્શન કાપ્યા બાદ મીટર ઉતારવાની ફરજ પડેલ હતી. અને હાલે આ કનેકશન રદ થઇ ગયેલ છે.

૮ તારીખ ૦૩.૦૪/૨૦૨૪ ની ભુજ ફોરમ ની મીટીંગમાં ઉપરોકત અરજદાર ના ઉતરેલ મીટર નુ લેબ ટેસ્ટ અને MRI લેવાની પીજીવીસીએલ ને સુચના આપતા પીજીવીસીએલ તરફથી સદરહુ મીટર નુ તારીખ ૦૬/૦૪/૨૦૨૪ નો રોજ લેબ ટેસ્ટ અને MRI લેવામાં

આવેલ જેમના અનુસંધાને પીજીવીસીએલ તરફથી તેમના પત્ર નંબર એનકેટી/સબ ડીવીઝન /ટેક /૨૭૫૮ તારીખ ૦૯.૦૪.૨૦૨૪ થે નીચે મુજબ નુ અભિપ્રાય આપવામાં આવેલ " સદરહુ મીટર વર્ષ ૨૦૧૨ માં લાગેલ હોય તેવુ માની શકાય સદર મીટર તેમજ MRI . અને ટેમ્પર ડેટા ચકાસતા ક્યાય પણ આ વીજ મીટર એબનોર્મલ હોય એવુ જણાયેલ નથી હાલે આ વીજ મીટર માં કુલ્લ ૨૫૦૪૦.૬૦ યુનિટ નુ વપરાશ જોવા મળે છે. આ તમામ યુનિટ ગ્રાહક દ્વારા વપરાશ કર્યે થી વપરાયેલ છે એવુ પીજીવીસીએલ નુ મંતવ્ય છે .

## ફોરમ નુ તારણ

૯ બન્ને પક્ષકારોની રજુઆત જોતા સદરહુ ફરિયાદ અરજદારને માસ એપ્રિલ મે ૨૦૨૩ ની બીલમાં ૨૩૫૬૧ યુનીટના રૂ ૧૯૯૩૯૪.૪૮ ની એકીસાથે આપેલ વીજ બીલ સામે સદરહુ ફરિયાદ ઉદભવી છે બીજી તરફ સદરહુ અરજદાર ને પીજીવીસીએલ તરફથી વર્ષ ૨૦૧૨ માં રીલીઝ થયેલ વીજ કનેકશન નુ પ્રથમ બીલ વર્ષ ૨૦૨૩ માં એટ્લે કે ૧૧ વર્ષ બાદ આપવામાં આવેલ છે. પીજીવીસીએલ તરફથી સદરહુ બાબતે બેદરકારી સેવવામાં આવેલ છે. એ સાબીત થાય છે. અને GERC supply code 6.84 મુજબ "No sum due from any consumer, on account of default in payment shall be recoverable after the period of two years from the date when such sumbecame first due unless such sum has been shown continuously as recoverable as arrear of charges for electricity supplied as per Section 56 of the Act.આમ સદર બાબતે પીજીવીસીએલ દ્વારા વર્ષ ૨૦૨૩ માં આપવામાં આવેલ પ્રથમ વીજ બીલ ૧૧ વર્ષ ના વપરાશ નુ હોઇ સદરહુ નિયમ મુજબ બે વર્ષ ઉપરનુ લેણુ વસુલ કરી શકાય નહી આમ સદરહુ અરજદાર ને આપેલ છેલ્લા ૩ બીલની એવરેજ ને આધારે બે વર્ષ ની બીલ ની આકરણી કરવી અને બાકીની રકમ અરજદાર ને ભરપાઇ કરવાની રહેશે નહી. અને સદરહુ અરજદાર ને આપવામાં આવેલ વિવાદીત ૨૩૫૬૧ યુનીટ ના બીલ સામે જે રકમ ભરી હોય તે સરભર કરી બાકી રહેતી રકમ ના ચાર સરખા હપ્તા ભરપાઇ કરવાની શરતે અરજદાર નુ કપાઇ ગયેલ કનેક્શનનુ પુનઃ જોડાણ કરવુ

## -: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ અત્રેની ફોરમ ના તારણ નંબર ૯ મુજબ હુકમ કરવામાં આવે છે.

- અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.૦૯/૦૪/૨૦૨૪ ના રોજ જાહેર કર્યો .

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર સભ્ય

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

ફરિયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- ૩0માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -૩ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬000૧, ફોન નં.0૨૮૧-૨૯૯૪૧૨૫